ક્રમાંક:જીઆઇડીસી/ઇએન્ડએ/વિતરણ/આરઓયુ/ ૨૪
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, વડી કચેરી,
ગાંધીનગર, તા.૧૬/૦૭/૨૦૨૧

// પરિપત્ર //

વિષય: નિગમની વસાહતોની જમીનમાં ભૂગર્ભ વીજ લાઈન, પાણી/ગટર પાઈપ લાઈન, ગેસ લાઈન, ટેલીકોમ કેબલ વિગેરે સર્વિસ લાઇન નાંખવા વપરાશી હક્કથી પરવાનગી આપવા અંતર્ગત રોડ ક્રોસીંગના ચાર્જ બાબત.

નિગમની વસાહતોની જમીનમાં ભુગર્ભ અને જમીન ઉપર વીજ લાઈન, પાણી / ગટર પાઈપ લાઈન, ગેસ લાઈન, ટેલીકોમ કેબલ વિગેરે સર્વિસ લાઇન નાંખવા વપરાશી હક્કથી પરવાનગી અપવા અંગેની નીતિ અમલમાં છે. પ્રવર્તમાન નીતિ અંતર્ગત જો રોડ ક્રોસીંગ કરી પાઇપ લાઇન/કોઇપણ સર્વિસ લાઇન પસાર થતી હોય તો નિયમાનુસાર રોડ ક્રોસીંગનો ચાર્જ પણ વસુલ કરવામાં આવે છે.

નિગમ દ્વારા વસાહતોની માળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તા, વરસાદી ગટર, શેરીબત્તી, પાણી પુરવઠા તેમજ ભુગર્ભ ગટર વગેરે પાયાની સુવિધાઓ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર સબંધિત નિર્દિષ્ટ વિસ્તાર/ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનને સંચાલન અને મરામત માટે તબદીલ કરવામાં આવેલ છે. આથી જે વસાહતો ખાતે માળખાકીય સુવિધાઓનુ સંચાલન અને મરામતની કામગીરી વસાહતના સબંધિત નિર્દિષ્ટ વિસ્તાર / ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સંભાળવામાં આવે છે, તેમના દ્વારા આ રોડ ક્રોસિંગ ચાર્જીસ વસુલ લેવા રજુઆત થયેલ છે. આથી વિગતવાર ચર્ચાને અંતે આવી સર્વિસ લાઈન નાખવા આપવામાં આવતી પરવાનગી અંતર્ગત નીચે મુજબ શરત આમેજ કરવાની રહેશે તેમજ માગણા બીલમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

"આ સર્વિસ લાઈન નાખવા જો રોડ ક્રોસિંગ થાય તો રોડ ક્રોસિંગ ચાર્જની રકમ સબંધિત સેવા સંભાળનાર સંસ્થા જીઆઇડીસી / નિર્દિષ્ટ વિસ્તાર / ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનમાં અરજદારે સીધા જમાં કરાવવાના રહેશે."

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઇડીસી, ગાંધીનગર,

નકલ રવાના: પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ..............
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.... તરફ જાણ તેમજ જીઆઇડીસીની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ,

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)